# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: જાગૃતિ વકીલ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૩-૧૧-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## વિધાનસભા ચૂંટણી:

ઝારખંડ વિધાનસભા ચૂંટણી સહિત 10 રાજ્યોની 31 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી આજે યોજાઈ. જેમાં પાંચ વાગ્યા સુધીમાં ૬૫ ટકા મતદાન થયું હતું. કેરળની વાયનાડ અને ગુજરાતની વાવ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે પણ મતદાન થયું.

ઝારખંડમાં 73 મહિલા ઉમેદવારો સહિત 683 ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થયું.

ઉલ્લેખનીય છે કે, અગાઉ 10 રાજ્યોની 33 વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાવાની હતી, પણ સિક્કિમની બે બેઠકો પર સિક્કિમ ક્રાંતિકારી મોરચાનાં બંને ઉમેદવારોને બિનહરીફ જાહેર કરાતા આજે 31 બેઠકો માટે મતદાન યોજાયું.

- (RNU અમદાવાદ)

---

## વાવ બેઠક ચૂંટણી:

ગુજરાત વિધાનસભાની વાવ બેઠકની પેટા ચૂંટણી માટે આજે મતદાન યોજાયું. જેમાં પાંચ વાગ્યા સુધીમાં ૬૭.૧૩ ટકા મતદાન થયું હતું.

ઉલેખનીય છે કે, આ બેઠક ગેનીબેન ઠાકોર લોકસભામાં ચૂંટાતા ખાલી પડી હતી. વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં રાજકીય પક્ષના ઉમેદવારો સહિત કુલ 10 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ બેઠક પર કુલ ત્રણ તાલુકાના 179 મતદાન મથકોનો સમાવેશ કરાયો છે, અને કુલ 321 મતદાન બુથ છે. પેટા ચૂંટણીમાં 1400 જેટલાં કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ૨૩ નવેમ્બરનાં રોજ પરિણામ જાહેર થશે.

- (RNU અમદાવાદ)

---

## પીએમ-જન ઔષધી કેન્દ્ર પ્રારંભ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારનાં દરભંગા ખાતેથી અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન સહિતના દેશનાં વિવિધ રેલવે સ્ટેશનો પર 18 ભારતીય જનઔષધિ કેન્દ્રોનું

ઉદઘાટન કર્યું. રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને રાહતદરે આ જનઔષધિ કેન્દ્ર ઉપરથી દવાઓ ઉપલબ્ધ થશે.

- (RNU અમદાવાદ)

---

## સીએમ-ECGRF સેવા પ્રારંભ:

રાજ્ય સરકારની વીજ વિતરણ કંપનીઓના ગ્રાહક ફરિયાદ નીવારણ ફોરમમાં ઓનલાઈન ફરિયાદ કરવા માટેની પ્રક્રિયાને વધુ સુવિધાયુક્ત બનાવવા સિંગલ ઓનલાઈન પોર્ટલ ECGRF સેવાનો શુભારંભ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં વીજ ગ્રાહકો પત્ર, ઈમેઈલ આઈડી થકી કે રૂબરૂ ફરિયાદ કરી શકતા હતા. પરંતુ હવે, ECGRF સેવાના પ્રારંભથી ઓન્લાઈન ફરિયાદ નોંધાવી શકશે. આ પોર્ટલ થકી ગ્રાહકને ઈફાયલીંગ, એપ્લીકેશન ટ્રેકિંગ, ઓનલાઈન ઓર્ડર જેવી સુવિધાઓ મળશે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## ડાકવિભાગ-ઈ સર્ટીફીકેટ:

પેન્શન ધારકોને જીવન પ્રમાણપત્ર માટે ધક્કા ખાવામાંથી મુક્તિ મળે અને પેન્શનધારકોનું જીવન પ્રમાણપત્ર ઘરે બેઠા પોસ્ટમેનના માધ્યમથી ડિજિટલ રીતે બને તે હેતુથી ડાક વિભાગ દ્વારા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ અભિયાન ૩.૦ શરુ કરાયું છે. જે આગામી 30 નવેમ્બર સુધી ચાલશે. આ વિશે વધુ વિગતો આપતા પોસ્ટમાસ્તર જનરલ શ્રીકૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે, આ પહેલ નો ઉદ્દેશ્ય ફેસ ઓથ્ન્ટીફીકેશન ટેકનીક અને ફિંગર પ્રિન્ટ બાયોમેટ્રિકની ડીજીટલ પ્રક્રિયાનો ઉપયોગ વધારવાનો છે, જેથી બધા પેન્શન ધારકોને સરળતા રહે.

- (પ્રેસ રીલીઝ, PIB)

---

## પીએમ ઇન્ટર્નશિપ યોજના-મુદ્દત લંબાવાઈ:

ભારત સરકાર દ્વારા ૩જી ઓકટોમ્બર ૨૦૨૪ના જાહેર કરાયેલી પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના હેઠળ દેશની ટોચની ૫૦૦ કંપનીઓ ૧૨ મહિના માટે ઈન્ટર્નશીપ કરવાની તક મળી રહી છે. જેમાં અરજી કરવાની તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

રસ ધરાવતા ઉમેદવારોએ પીએમ ઈન્ટર્નશીપ માટે આપેલી વેબસાઈટ પીએમ-ઇન્ટર્નશિપ.એમસીએ.જીઓવી.ઇન પર નોંધણી કરવાની રહેશે . તેમજ જાહેરાતમાં લાયકાત

ધરાવતા યુવાઓ જિલ્લા રોજગાર કચેરી ભુજ-કચ્છ ખાતે ૧૪મી નવેમ્બર સુધી રૂબરૂ મુલાકાત લઈ પોતાની નોંધણી કરાવી શ કાશે. આ યોજનાનો લાભ લેવા જિલ્લા રોજગાર કચેરી ભુજ-કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## બાળદિન-RSC ભુજ:

રિજનલ સાયન્સ સેન્ટર , ભુજ ખાતે આવતીકાલે "લિટલ સ્માઈલ ફેસ્ટિવલ "નું આયોજન કરાયું છે. બાળ દિવસના આ મહોત્સવમાં બાળકો માટે મજા , આનંદ અને શીખવાનો અનુભવ ક્વિઝ, એનિમેટેડ મૂવી શો વગેરે રસપ્રદ કાર્યક્રમો યોજાશે. જેમાં ભાગ લેવા આ નંબર પર 7043924605 રજીસ્ટ્રેશન કરાવવા આયોજકો દ્વારા જણાવાયું છે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## ભચાઉ-સૈનિક સંમેલન:

ભચાઉ તથા રાપર તાલુકામાં વસવાટ કરતા અને જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ભુજનું ઓળખપત્ર ધરાવતા પૂર્વ સૈનિકો તથા સ્વ.સૈનિકો કે પૂર્વસૈનિકોના ધર્મપત્નીઓનું સૈનિક સંમેલન આગામી તા. ૧૭મી નવેમ્બર, રવિવારે સવારે ૯ વાગ્યે પ્રાંત અધિકારી કચેરીનો સભાખંડ, ભચાઉ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં કેન્દ્રીય સૈનિક બોર્ડ, રાજ્ય સરકાર અને રાજ્ય સૈનિક બોર્ડની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સહાયોની જાણકારી અને સમાજ આપવાની હોય, ભચાઉ તથા રાપર તાલુકામાં વસવાટ કરતા પૂર્વસૈનિકો તથા તથા સ્વ.સૈનિકો કે પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓને હાજર રહેવા જણાવવામાં આવે છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ગુજરાત ગણિત મંડળ:

ગુજરાત ગણિત મંડળના ૬૧ માં વાર્ષિક અધિવેશનમાં સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫ માટે ગુજરાત ગણિત મંડળમાં પ્રમુખ તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને ગણિત શિક્ષણ પધ્ધતીના અધ્યાપક ડો. હર્ષદ પટેલની વરણી કરાઈ હતી. ડો. હર્ષદ પટેલ ગુજરાત ગણિત મંડળના આજીવન સભ્ય છે. તેઓએ ગણિતને આનંદમય અને સરળ ભાષામાં વ્યક્ત કરતા "મજાનું ગણિત" દ્વિ-માસિકના સંપાદક તરીકે કાર્ય કર્યું છે.

- (NP, જાગૃતિ વકીલ)

---